# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




અવિચારી નિવેદનોથી બાફ થઇ જશે!
ને અસંસ્કારી નેતાઓથી લાફ થઇ જશે!
આફત થઇ જશે ઘરના ઘાતકી નેતાઓ -
મોદીની મહેનત આમ જ સાફ થઇ જશે..




ફરે પ્રધાનો
સત્તા-શિસ્ત બાળવા -
માચીસ લઇ..
(પ્રધાનશ્રીનો બફાટ)

જયાં લોકશાહી
હાર જાય, ચાલે ત્યાં
વટ હુકમ
(ભૂમિ અધિગ્રહણ)

## ચિંતન

**શૂરં ત્યાજામિ વૈધવ્યા દુદાર લજ્જયા પુનઃ । સાયત્ન્યાત્પંડિત મયિ તસ્માત્કૃપણમાશ્રયે ॥**

લક્ષ્મી કહે છે કે હું શૂરવીરો તો એટલે ત્યાગ કરું છું કે એવા વીર પુરુષોને મૃત્યુનો ભય હોતો નથી અને તેથી વિધવા થવાના ભયથી હું શૂરવીરોના ઘરમાં રહેતી નથી.

વળી હું ઉદાર લોકોના આશ્રયે પણ રહેતી નથી કારણ કે એવા ઉદાર સ્વભાવના લોકો ગમે ત્યારે - ગમે તેને ગમે તે યાચકને મને આપી દે છે તેથી લજ્જા પામીને હું એવા ઉદારના ઘરમાં પણ રહેતી નથી.

વળી પંડિત લોકો 'સરસ્વતી'ને તો વરેલા જ છે એટલે આમ સરસ્વતી મારી શૌક્ય થાય. એટલે આવા પંડિતોના ઘરમાં પણ હું જતી નથી.

પરંતુ લોભી માણસ મને ખૂબ પ્રેમ અને જતનપૂર્વક સાચવી રાખે છે નથી પોતે ઉપભોગ કરતો કે નથી મને બહાર કાઢતો આથી મને આવા કૃપણ વધારે પસંદ છે હું એમના આશ્રયે બંધનમાં જ રહું છું.

## સુવિચાર

- ગધેડાને છેતરવા કુંભાર તેના પર પહેલા વધારે ભાર મૂકે, પછી ભાર થોડો હલકો કરે, ભાર હળવો થવાથી ગધેડું ઝડપથી ચાલે, મન પણ પેલા ગધેડા જેવું છે તેને છેતરવા માટે વધુ કષ્ટની કલ્પના કરવી, પછી થોડું કષ્ટ ઓછું કરવાથી મન, તપ, ધર્મ વગેરે કરવા તરત તૈયાર થઇ જાય છે — **- જે. કૃષ્ણમૂર્તિ**
- પછીથી પેદા થવા વાળી બધી ઇચ્છાઓની પૂર્તિ કરવાની જગ્યાએ પહેલી ઇચ્છાને જ દબાવી દેવાનું સરળ અને સાચું છે — **- જેરમી ટેલર**
- ગતિએ પ્રગતિની નિશાની છે, જો ગતિના મૂળમાં કોઇ વાસના હોય તો એ ગતિ 'દોડે' છે. એ ઝડપ માત્ર ઘડી બે ઘડીની ઉત્તેજના બની ને રહી જાય છે — **- પૂજ્ય મોટા**
- સુવાવડી સ્ત્રીની જેમ ઉપાસકે પોતાની ભીતરની અવસ્થાને સાચવવાની હોય છે, એ સ્ત્રી બધા જ કામ કરતી હોય છતાં જરાયે બે ધ્યાન નથી હોતી, એમ જ ઉપાસકે કયાંક ચલિત થયા વિના આમ રહેવું જોઇએ — **- મોરારિ બાપુ**
- શબ્દો તો નિર્જીવ છે, તેમાં પ્રાણ ભરવાનું કામ ભાવ કરે છે, પ્રેમનો ભાવ શબ્દોને પ્રેમાળ છે, તેમાં પ્રાણ ભરવાનું કામ ભાવ કરે છે, પ્રેમનો ભાવ શબ્દોને પ્રેમાળ બનાવી દે છે, ઘૃણાનો ભાવ શબ્દોને ઘૃણાસ્પદ બનાવી દે છે — **- જ્ઞાનસૂત્ર**
- ગરીબીએ કામચલાઉ દોષ છે, પરંતુ અતિ સમૃદ્ધિ એ કાયમી રોગ છે — **- ખલીલ જીબ્રાન**
- ભલાઇ કરવાની ઇચ્છા બૂરાઇ કરવાની ઇચ્છાને દબાવી દે છે — **- શેખ શાદી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

પતિ-પુરુષનો ધંધો સારો ચાલતો હોય, આવક ઊંચી હોય તો બહારે 'સાહેબ' 'સાહેબ' થતા હોય (આમાં નેતાશ્રી-અધિકારીઓનો સમાવેશ થઇ જાય છે) આવા સાહેબ ઘરમાં પત્ની પાસે, માતા-પિતા, સંતાનોના પણ ગેરસમજમાં 'સાહેબ' થઇ જાય છે. માતા-પિતા સાથે તો છડાઇપૂર્વકનો વર્તાવ, પત્નીને ગુલામડી સમજવું, બાળકોનાં 'હેડમાસ્ટર' થઇ નવરાશ મળે ત્યારે ધમકાય-ધમકાય કરવું... ઘરમાં આપણે માત્ર 'પતિ' કે 'પત્ની' જ છીએ.. આપણું સંસારિક પદ ન ભૂલવું. ભૂલ - પગ લપસવો - માનસિક પતન તો બધાથી થાય. એકમેકને ક્ષમા કરી તદ્દન ભૂલી જવું જોઇએ. પત્ની ભૂલેલા પતિને રોજ વાંદરાની ગૂંલાટ કહી યાદ અપાવે કે પુરુષ તેણીના જુના સંબંધો યાદ અપાવ્યા કરે તો સંસાર ચાલે નહીં.

એક વાર એક પતિની સંસાર ગાડી સ્લીપ થઇ ગઇ. વાત પકડાઇ ગઇ. પત્નીએ રંગે હાથ પકડયો કંકાસ-કકળાટ થયાં પછી પત્નીએ અંતે માફી આપી દીધી. ભાઇ પણ હવે બીજવર જેમ નવીને સાચવે એમ પરાણે પ્રેમ આપતો હતો.

પણ પત્ની દરરોજ એકવાર તો જૂનું લફરું પતિને યાદ અપાવે જ. એક રોટલી વધારે ખાવ! પેલીના નામે 'કહીને પણ પતિનું જમવાનું અકારું બનાવતી.'

પતિએ કહ્યું. તે મને માફ કરી દીધો છે છતાં પણ શા માટે મને વારંવાર યાદ અપાવે છે?

પત્ની કહે, મેં તમને માફ કર્યા છે એ ભૂલી ન જાવ એટલે..

(પ્રેમમાં હિસાબ ન હોય - હૃદય કોરું સ્વચ્છ હોવું જોઇએ.)

Email - sureshchandrabhatt18@gmail.com

# કયાં મહિલાએ ૪૬ વર્ષ સુધી 'અખિલ મહિલા પરિષદ'માં કાર્ય કર્યું?

## ગુજરાતના મહિલા રત્નો

(૧) ૧૯૯૬માં જાનકી દેવી બજાજ એવોર્ડ વિજેતા અને બાલમંદિરને 'મુનિસેવા આશ્રમ' નામ આપનાર કોણ હતા?
(અ) અરુણાબેન દેસાઇ (બ) અનુબેન ઠક્કર
(ક) વશુબેન (ડ) ઈલાબેન પાઠક

(૨) ૧૯૪૬માં શિવાનંદજીની મદદથી અને ગાંધીજીના આશીર્વાદથી 'વિકાસ વિદ્યાલય' ની સ્થાપના કોણે કરી હતી?
(અ) અરુણાબેન દેસાઇ (બ) પદ્માબેન
(ક) વિદ્યાબેન શાહ (ડ) ડૉ. ઉષા મહેતા

(૩) ભારત સરકારનો 'પદ્મભૂષણ' એવોર્ડ વિજેતા અને ઈન્ડિયન ડેરી કોર્પોરેશનના વડા તરીકે સેવા આપનાર મહિલા કોણ હતા?
(અ) ઈન્દુમતીબેન શેઠ (બ) શારદા મહેતા
(ક) આનંદીબેન પટેલ (ડ) ડૉ. અમૃતા પટેલ

(૪) પદ્મશ્રી, પદ્મભૂષણ, ગુર્જરરત્ન, વિશ્વગુર્જરી જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા 'સેવા' સંસ્થાના સ્થાપક કોણ છે?
(અ) ઈલાબેન ભટ્ટ (બ) ડૉ. ઉષાબેન મહેતા
(ક) ડૉ. અમૃતાબેન પટેલ (ડ) હંસાબેન મહેતા

(૫) જાણીતા સમાજસેવી ઈલાબેન પાઠખના પિતાશ્રી જયકૃષ્ણભાઇ કયા મહિલા સામયિકનાં તંત્રી હતા?
(અ) અચલા (બ) ગુણસુંદરી
(ક) નારી (ડ) આવાજ

(૬) ૧૯૭૫ થી ૧૯૮૦ દરમિયાન ખાદી ગ્રામોદ્યોગના અધ્યક્ષ પદ શોભાવનાર જયાબેન શાહને વર્ષ ૨૦૦૦માં કયો એવોર્ડ એનાયત થયો હતો?
(અ) હિન્દી સેવા પુરસ્કાર (બ) મોરારજી દેસાઇ મેમોરીયલ એવોર્ડ
(ક) ગાંધી સેવા એવોર્ડ (ડ) નિલકંઠ સ્મૃતિચંદ્રક

(૭) કયાં મહિલા રેડિયો દ્વારા સત્યાગ્રહ ચલાવતાં હતા અને મીઠાના સત્યાગ્રહમાં જોડાયા હતા?
(અ) ઈન્દુમતી શેઠ (બ) જયા ઠક્કર
(ક) વિદ્યાબેન શાહ (ડ) ઉષા મહેતા

(૮) જાણીતા ગાંધીવાદી મૃદુલા સારાભાઇ ૧૯૧૫માં ગાંધીજીને પ્રથમવાર કયા સ્થળે મળ્યા હતા?
(અ) કોચરબ આશ્રમ (બ) ગાંધીઆશ્રમ સાબરમતી
(ક) ગૂજરાત વિદ્યાપીઠ (ડ) વર્ધા

(૯) કયાં મહિલાએ ૪૬ વર્ષ સુધી 'અખિલ મહિલા પરિષદ'માં કાર્ય કર્યું?
(અ) પૂર્ણિમાબેન પકવાસા (બ) પદ્માબેન જયકૃષ્ણભાઇ
(ક) હંસાબેન મહેતા (ડ) વસુબેન ભટ્ટ

(૧૦) નીચેનામાંથી કયા મહિલા ૧૯૬૨માં ગુજરાતના શિક્ષણમંત્રી હતા?
(અ) ઈન્દુમતિબેન શેઠ (બ) શારદાબેન મહેતા
(ક) કુમુદિની લાખિયા (ડ) વસુબેન ભટ્ટ

(૧૧) ૧૯૬૪માં ભગિની નિવેદીતા એવોર્ડ વિજેતા તથા આકાશવાણીના પૂર્વ નિયામક કોણ હતા?
(અ) શારદા મહેતા (બ) વસુબેન ભટ્ટ
(ક) મલ્લિકા સારાભાઇ (ડ) ધીરુબેન પટેલ

(૧૨) નીચેનામાંથી કયા મહિલા લેખક ૨૦૦૪-૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા?
(અ) વસુબેન ભટ્ટ (બ) ધીરુબેન પટેલ
(ક) વર્ષા અડાલજા (ડ) દીના પાઠક

(૧૩) પદ્મશ્રી એવોર્ડ વિજેતા 'કદંબ' સંસ્થાના મહિલા સ્થાપક..?
(અ) કુમિદીનીબેન લાખિયા (બ) મલ્લિકા સારાભાઇ
(ક) મૃણાલિની સારાભાઇ (ડ) ચંદ્રાબેન શ્રોફ

(૧૪) રંગભૂમિ, ફિલ્મ, ટેલિવિઝનના અભિનેત્રી અને ઈન્ડિયન પિપલ્સ થિયેટરના સ્થાપક કોણ હતા?
(અ) નિરુયા રોય (બ) સ્મિત શાસ્ત્રી
(ક) દીના પાઠક (ડ) સરિતા જોશી

(૧૫) ઉત્કૃષ્ઠ અભિનેત્રી આશા પારેખે મુંબઇમાં કંઇ નૃત્ય અકાદમીની સ્થાપના કરી?
(અ) મૃદંગ (બ) કલાભવન (ક) ગીતગુર્જરી (ડ) થનઘનાટ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૦ એપ્રિલ ૧૮૮૭ — બર્નાડો અલ્બર્ટો હુસી - આર્જેન્ટીનાના વતની અને ફીઝીઓલોજીસ્ટ - પિટ્યુટરી હોર્મોન્સ પરના સંશોધન બદલ ૧૯૪૭માં નોબલ પ્રાઇઝ મળ્યું
- ૧૦ એપ્રિલ ૧૮૬૫ — જેક મિનર - કેનેડિયન પ્રકૃતિવિદ અને લેખક, દેશ-વિદેશમાં સફરસ કરતા પક્ષીઓ વિશે અભ્યાસ કરનાર
- ૧૧ એપ્રિલ ૧૮૯૯ — પર્સી એલ. જુલિયન - અમેરીકન - આફ્રિકન રસાયણ વિજ્ઞાની, ૧૦૦ કરતા વધુ પેટર્ન કરાવનાર
- ૧૧ એપ્રિલ ૧૮૬૨ — વિલિયમ વાલન્સ કેમ્પબલ - અમેરીકન એસ્ટ્રોનોમર તારાઓની પ્રકાશ તીવ્રતા માપવાનું કાર્ય કર્યું
- ૧૨ એપ્રિલ ૧૮૭૮ — રિચાર્ડ બી. ગોલ્ડસ્મિથ - જર્મન - અમેરીકન જુઓલોજીસ્ટ, પતંગિયામાં રહેલા એક્સ-ક્રોમોઝોમ પર સંશોધન કર્યું.
- ૧૨ એપ્રિલ ૧૮૭૨ — જયોર્જ અર્બન - ફ્રેન્ચ કેમીસ્ટ - લ્યુટેરિમ ધાતુની શોધ કરનાર વૈજ્ઞાનિક
- ૧૩ એપ્રિલ ૧૯૦૯ — મેરિયન હુગ કાઉ - બ્રિટીશ પર્યાવરણ વિદ તથા વન્ય-પ્રાણી સંરક્ષણક- કેન્યા રોયલ નેશનલ પાર્કના ભૂતપૂર્વ ડાયરેકટર હતા.
- ૧૩ એપ્રિલ ૧૯૦૯ — સ્ટેઇન લૉ ઉલ્મ - પોલીસ - અમેરીકન ગણિતશાસ્ત્રી હાઇડ્રોજન બોમ્બની બનાવટ દરમિયાન મહત્ત્વની કામગીરી કરનાર
- ૧૪ એપ્રિલ ૧૯૦૪ — હેરાલ્ડ સ્ટેફન બ્લેક - એમરીકન ઈલેકટીકલ એન્જીનીયર 'નેગેટીવ - ફીડબેક પ્રિન્સિપલ' આપનાર
- ૧૪ એપ્રિલ ૧૮૮૬ — એડવર્ડ સી. ટોલમન - એડવર્ડ ચાન્સ ટોલમાન અમેરીકન સાયકોલોજીસ્ટ, તેમણએ 'મોલર બીહેવીયરીસચ' પર સંશોધન કરનાર
- ૧૫ એપ્રિલ ૧૯૦૭ — નિકોલસ ટિનબર્ગ - ડચમાં જન્મેલા - ઈંગ્લીશ ઈથોલોજીસ્ટ - કુદરતી જીવોના વ્યવહાર-વર્તન પર સંશોધન કરનાર
- ૧૫ એપ્રિલ ૧૯૦૨ — સૈમ્યુઅલ હોફમેન - અમેરીકન એન્જીનીયર લીકવીડ ફયુઅલ રોકેટ એન્જીન બનાવનાર
- ૧૬ એપ્રિલ ૧૯૯૦ — ડોલાન્ડ ફોરસા જહોન્સ - અમેરીકન જનીન વિજ્ઞાની, ખેતીમાં હાઇબ્રીડ બિયારણ સંશોધક
- ૧૬ એપ્રિલ ૧૮૮૬ — સર એડવર્ડ સેલીસબરી, ઈંગ્લીશ બોટોનીસ્ટ છોડના વિકાસ પ્રક્રિયા પર સંશોધન કરનાર



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - આમ આદમી પાર્ટીના લોકપાલ તરીકે કોણ સેવા આપતું હતું?**
**જવાબ - એડમિરલ રામદાસ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

| | |
|---|---|
| (૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી | (૨) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ |
| (૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭ | (૪) પલક પી. ગજ્જર : પેથાપુર |
| (૫) નટુભાઇ દરજી : પેથાપુર | (૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ |

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**'જનતા પરિવાર'માં રાષ્ટ્રીય કક્ષાએ જોડાયેલ પાર્ટીઓમાં કયાં ભૂતપૂર્વ વડાપ્રધાનની પાર્ટી પણ જોડાઇ છે?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) અ (૫) બ (૬) અ (૭) ડ (૮) અ (૯) બ (૧૦) અ
(૧૧) બ (૧૨) બ (૧૩) અ (૧૪) ક (૧૫) બ

# પોતાની મમ્મીની આવી હૃદયસ્પર્શી વાત સાંભળી ઉષાકાન્ત-કેતકી ક્ષણભર માટે વિચારતાં થઇ ગયા

**આત્મ રામ જાગે ત્યારે?**
**લઘુકથા**
- નિરંજન ઓઝા

૩૮ વર્ષની આયકર વિભાગની સેવા કર્યા પછી મૃગેન્દ્રનાથ હાલમાં ભાવનગર શહેરનાં કૃષ્ણનગર વિસ્તારની રામાનંદ સોસાયટીમાં પત્ની મહેશ્વરી દેવી, સાથે નિવૃત્ત જીવન પસાર કરી રહ્યા છે, સેવામાં હતા ત્યારે સુરત, ભરુચ, વડોદરા વિગેરે સ્થળોએ સેવા આપી ચુકેલાં મૃગેન્દ્રનાથને પુત્ર નામે ઉષાકાન્ત, પુત્રવધુ કેતકી તથા પૌત્ર અનિલ વડોદરામાં રહે છે. પુત્ર વ્યવસાયે કોમ્પ્યુટર ઇજનેર છે તેથી મુંબઇ અને બેંગલોર તેમજ કોઇ કોઇ વખત વિદેશ જવું પડે છે.

પુત્રવધુ વડોદરાથી આવ્યા છે અને બપોરના ચારેક વાગે જયારે બપોરની ચાહ પીવાનો સમય થયો હોય છે ત્યારે મૃગેન્દ્રરાયનો બે કપ ચાહ બનાવવાને તથા બહાર મોકલી દેવાનો ઓર્ડર આવે છે. પુત્રવધુ કેતકીની હાજરી હોવાથી, ચાહ બનાવી, બહાર મોકલી દેવામાં આવે છે. ચાહ મોકલાવીને પાછાં ફરતાં કેતકીને બાજુમાં બેસાડી, મહેશ્વરી દેવી પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહે છે કે, હમણાં હમણાં એમની (મૃગેન્દ્રરાય) ઉપાધિ ખૂબ જ વધી ગઇ છે. ચાર પાંચ પેપરો બંધાવ્યા છે જે સવાર નાહી ચાહ પીધા પછી, બહાર ઓટલાં પર લઇ જાય છે, જયાં સોસાયટીમાં તેમની જેવા જ નવરાં આવે છે, ભેગા થાય છે અને દેશ-વિદેશ, સામાજિક - અસામાજિક વાતોની જાણે લોકસભા - વિધાનસભા ચર્ચા થતી હોય તેમ ચર્ચા-વિચારણા કરે છે, તેમના હજુરીયાઓ હોય તેમને બેસાડે છે અને ઘરની ચાહ પીવડાવે છે. સોસાયટીના નવરાધૂપ તેમની જેવાઓને આ સદાવ્રત હોય તેમ લાગે છે, આપે છે અને ધમાલ કરી લગભગ બપોરના ૧૨-૩૦ થી ૧ વચ્ચે છૂટા પડે છે આવો જ તમાશો બપોર પછી ચાર વાગે શરુ થાય છે અને સાંજના ૬.૩૦ અને ૭ ની વચ્ચે સુધી ચાલે છે. હું તો ચાહનો પ્યાલો - રકાબી ધોઇ-ધોઇને થાકી જાઉં છું. આનો ઉપાય તારી પાસે છે? જાણે સૂચન કરતાં હોય તેમ કેતકીને પૂછે છે.

આ સાંભળી થોડા સમય પછી બહુ જ ઠાવકી રીતે પુત્રવધુ કેતકી પ્રત્યુત્તર આપે છે કે આ કોઇ મોટો પ્રોબ્લેમ નથી. તમે એમ કરો કે એકાદ મહિના માટે વડોદરા આવી જાવ. અમે છઠ્ઠા માળે રહીએ છીએ ત્યાં ઓટલા જેવું કંઇ નથી. ઘરમાં પેપર વાંચવાનું તેમજ ટી.વી. જોવાનું રહેશે. સોસાયટી નજીક જ હમણાં નું મંદિર થયું છે. ત્યાં સવાર-સાંજ દર્શન કરવા જવું, વળી સાંજના સોસાયટી પાસે જ નાનો બગીચો છે ત્યાં ખુલી હવામાં હરવું-ફરવું અને બેસવું. આમ કરશો તો થોડા દિવસોમાં આ બધી જ મુશ્કેલીઓ ભુલાઇ જશે, તો બે ચાર - દિવસ વિચારી જોજો. ઉષાકાન્ત સીધ્ધો જ બેંગલોરથી વડોદરા આવવાનો છે. તેને બદલે ભાવનગર બોલાવી લઇશું અને ત્યારબાદ આપણે બધાં જ વડોદરા જઇશું.

**પુત્રવધુનો આ પ્લાન મહેશ્વરીદેવીને યોગ્ય લાગે છે તેઓ મૃગેન્દ્રરાયને સમજાવવામાં સફળ થાય છે, ઉષાકાન્તને સીધ્ધો જ ભાવનગર બોલાવી લેવામાં આવે છે અને પ્લાન મુજબ બધા જ વડોદરા સ્થળાંતર કરે છે**

પુત્રવધુનો આ પ્લાન મહેશ્વરીદેવીને યોગ્ય લાગે છે તેઓ મૃગેન્દ્રરાયને સમજાવવામાં સફળ થાય છે. ઉષાકાન્તને સીધ્ધો જ ભાવનગર બોલાવી લેવામાં આવે છે અને પ્લાન મુજબ બધા જ વડોદરા સ્થળાંતર કરે છે. વડોદરામાં ચાર-પાંચ દિવસ પછી એક દિવસ મોડે સુધી ઉષાકાન્ત તેની ઓફિસનું કામ કોમ્પ્યુટર ઉપર કરતો હોય છે. ત્યારે કેતકી તેને માટે ગરમ કોફી બનાવી લાવે છે. ત્યારે ઉષાકાન્તની પાસે મહેશ્વરીદેવી આવે છે, પહેલાં તો ઉષાકાન્ત -કેતકીને આવી રીતે મમ્મીને આવતાં જોઇ આશ્ચર્ય થાય છે પરંતુ તે પહેલાં ધીમા અવાજે મહેશ્વરી દેવી અમારી બે ટીકીટો એકાદ બે દિવસમાં લાવી આપવા જણાવે છે. આ સાંભળી પહેલાં તો ઉષાકાન્ત-કેતકી એક બીજા સામું જોયે જ રાખે છે. પરંતુ હિંમત કરી, કેતકી જણાવે છે કે આપણે તો એકાદ મહિનો રહેવાનું નક્કી કર્યું હતું અને આમ અચાનક આવી રીતે ચાર-પાંચ દિવસમાં પાછા ફરવાનું વિચારો છો? શું અમારાથી કંઇ ભૂલ થઇ છે? ખોટું લાગ્યું છે? તમને અહીં નથી ગમતું? કંઇક કહેશો તો મુશ્કેલી દૂર કરવાનો પ્રયત્નો કરીશું.

હવે મહેશ્વરી દેવી હૈયાવરાળ ઠાલવતા જણાવે છે કે તમારામાંથી કોઇ ભૂલ થઇ નથી કે અમને ખોટું લાગ્યું નથી. પરંતુ તેમનું (મૃગેન્દ્રરાય) દુઃખ મારાથી નથી જોવાતું, તેઓ બોલતા નથી પરંતુ મનોમન દુઃખી છે તે હું તેમના ચહેરા ઉપરથી વાંચી શકું છું. તેઓ ૫૫ વર્ષની વય સુધી ઓફિસ સાયકલ ઉપર આવ-જા કરતાં હતા. તેમણે ફક્ત સેવા દરમિયાન કુટુંબ માટે જ વિચાર્યું હતું. કોઇ મોજશોખ, સિનેમા, નાટક જોયા નથી. તેમજ સેવા દરમિયાન સમય અને તક હતા તેમ છતાં કંઇ ભેગુ કર્યું નથી. ફક્ત કુટુંબના કલ્યાણ માટે જ વિચાર્યું છે. ઘણી વખત કહેતા કે નિવૃત્તિ પછી સેવા જ કરવી છે. જયારે સેવા કરવાનો સમય આવ્યો છે ત્યારે હું આડખીલી થઇ વચ્ચે આવ્યું તે મને યોગ્ય લાગતું નથી. તેથી તેમના તરફથી જે સેવા કરવામાં આવી રહી છે તેમાં સહભાગી થઇ તેમની ઇચ્છાપૂર્ણ કરવાની મારી મહેચ્છા છે તેથી બેટા અમારી બે ટિકીટ લેતો આવજે અને હા, ચાહવાળા ચાહ માટે પ્લાસ્ટિકના કપ વાપરે છે તેવા થોડા કપ પણ લેતો આવજે કે જેથી મારે પ્યાલા-રકાબી ધોવા ન પડે.

પોતાની મમ્મીની આવી હૃદયસ્પર્શી વાત સાંભળી ઉષાકાન્ત-કેતકી ક્ષણભર માટે વિચારતાં થઇ ગયા.

# સ્ત્રીઓની એક જબરદસ્ત માનસિકતા અહીં પ્રગટ થતી જોવા મળે છે, સ્ત્રી જયાં જયાં ઉંમરમાં કે હોદ્દામાં મોટી-વડીલ હોય ત્યાં નાની કે નીચલા હોદ્દાવાળી સ્ત્રીની ખામીઓ બતાવવાનું જ એનું મુખ્ય કામ હોય એવું લાગે

**વડીલપણું નારી ગુણવંતી**
- અનંત. પટેલ

હમણાં વેકેશનમાં મારા દીકરાઓની દીકરીઓ મારે ત્યાં આવેલી. બે દીકરાની બબ્બે દીકરીઓ, રમાડવી ગમે તેવી ને બહુ વહાલી - વહાલી લાગે તેવી! આમે ય દાદાને તો દીકરીઓ પર ભારે હેત હોય. વેકેશનની શરુઆતમાં દાદાને ઘેર આવ્યા પછી પહેલો દા'ડો તો ખૂબ મજાનો હોય, બીજા દા'ડાથી એમના સ્વભાવની અસલિયતની ઝલક મળવાની શરુઆત થઇ જાય. એમની બા (દાદી) બે-ચાર દિવસ તો દીકરીઓની ઇચ્છા હોંશે - હોંશે પૂરી કરે જ જાય, પછી એમની ઇચ્છાઓ એટલી બધી ભારે થતી જાય કે બા ય કંટાળવા લાગે... એ તો બધું ઠીક છે, પણ મહત્ત્વની વાત કરવાની એ છે કે, નાની નાની દીકરીઓ વેકેશનમાં કે લગ્ન કે એવા કોઇ બીજા પ્રસંગમાં ભેગી થઇને રમતી હોય ત્યારે જો જો, એય પોત-પોતાની ટૂકડીઓ બનાવી દે છે. દરેક ટૂકડીમાં એક છોકરી જે ઉંમરમાં મોટી હોય તે એની લીડર હોય ને એ લીડરને તેની ટૂકડીમાં તેનાથી નાની છોકરી પર હુકમ ચલાવતી હોય, એની ખામી-ભૂલ શોધી કાઢે, પછી એને વડીલની જેમ સલાહ આપવા લાગે.

સ્ત્રીઓની એક જબરદસ્ત માનસિકતા અહીં પ્રગટ થતી જોવા મળે છે. સ્ત્રી જયાં જયાં ઉંમરમાં કે હોદ્દામાં મોટી-વડીલ હોય ત્યાં નાની કે નીચલા હોદ્દાવાળી સ્ત્રીની ખામીઓ બતાવવાનું જ એનું મુખ્ય કામ હોય એવું લાગે. બે બાળકો હોય તો એમાં જે ઉંમરમાં છ કે આઠ મહિના મોટી હશે તે પેલી નાની ઉપર હકૂમત ચલાવતી હોય એવું જ લાગે છે. થોડીવાર તો એ વડીલપણું બતાવીને એને સારી રીતે રાખે છે. પણ અચાનક જ સ્ત્રીઓનો જન્મજાત ગુણ પ્રગટ થવા જ લાગશે... ઘરમાં એક રખડતું ખૂણામાં પડયું રહેતું હોય, કોઇ એના સામે ય ન જોયું હોય કે અડકતું ય ન હોય પણ એક નાની દીકરી જો એને મળવા લેશે તો એનાથી મોટી દીકરી પણ એ માગી જ લેવાની અથવા તો "હમણાં હું કહું એ જ કરવાનું...." આવી બધી સલાહો એ આપવા લાગશે. દરેક મોટી બાળકી તેનાથી નાની બહેનને રમતમાં રડાવશે તો અચૂક જ! જો કે તે આવું બધું જાણી-બૂઝીને નથી કરતી હોતી પણ સ્વાભાવિક રીતે જ આવું બધું થઇ જતું હોય છે! વળી જે નાની દીકરી મોટી બહેનથી હેરાન થતી હોય તે જ તેનાથી નાની હોય તેવી બીજી છોકરી સાથે રમવા મૂકો તો પાછી એ પણ વડીલપણું બતાવશે....

ખરેખર હું તો મારી નાની-નાની પૌત્રીઓના લડાઇ-ઝઘડા સેટ કરવામાંથી ઊંચો જ આવતો નથી, દીકરીઓ લડે એટલે એમની બા દાદાને કંઇની કંઇ સૂચનાઓ આપ્યા કરે... દાદા ને ગમે કે ના ગમે પણ દીકરીઓને મનાવવા, રમાડવા કે છાની રાખવા દાદાએ બાનો હુકમ માનવો જ પડે!

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સ્ત્રીઓમાં એવા દરેક તબક્કે જયાં એ મોટી હોય છે ત્યાં તેનાથી નાની હોય તેના પર હેવી થવાનું કુદરતી તત્ત્વ જ હોય છે, પછી એ સાસુ હોય, માતા હોય, જેઠાણી હોય, મોટી બહેન હોય, ભાભી હોય કે કચેરીમાં ઊંચા હોદ્દા પર હોય - એ તેનાથી નીચેના લેવલની સ્ત્રી પર રોફ જમાવવાની કે પછી તેની સલાહકાર બનવાની કોશિશ અચૂક કરે છે! જયારે બીજી તરફ છોકરાઓ કે પુરુષોમાં આ લક્ષણ ઘણા જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. શું કહેવું થાય છે તમારે? બોલો તો - ?

anantpatel135@yahoo.com